૧૫
गूजरात हिंदी-हिंदुस्तानी प्रचार समिति
हिंदी भवन
Gujarat Hindi-Hindustani Prachar Samiti
Hindi Bhavan
डॉ. लक्ष्मणभाई अवैया
संयोजक

गूजरात विद्यापीठ
( १९२० में महात्मा गांधी द्वारा स्थापित )
GUJARAT VIDYAPITH
(Founded By Mahatma Gandhi in 1920)
Dr. Laxmanbhai Avaiya
Co-ordinator

Ref. संदर्भ :　　　　Date दिनांक : ૩૦-૦૭-૨૦૧૯

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
..........................

વિષય - ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત હિંદી તેમજ ગાંધી વિચાર પ્રચાર પરીક્ષાઓ શાળાઓમાં યોજવા અંગે

સુજ્ઞશ્રી,

સાદર વંદન,

ઉપરોક્ત વિષય સંદર્ભે જણાવવાનું કે ૧૯૨૦માં મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ગાંધી વિચાર અને હિંદી પ્રસારનું કાર્ય ૧૯૪૬થી થઈ રહ્યું છે. આ કાર્યને હજી વધુ વ્યાપક બનાવવા આપના સમર્થન અને સહયોગની જરૂર છે. આ વર્ષ પૂજ્ય બાપુની ૧૫૦મી જન્મજયંતી ઉજવણી પર્વ પણ છે. આ નિમિતે આપણા સહુના વિશેષ પ્રયાસો અપેક્ષિત પણ છે.

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા હિંદી અને ગાંધી વિચારની પરીક્ષાઓનું આયોજન વર્ષમાં બે-બે વખત કરવામાં આવી રહ્યું છે. ગાંધી વિચાર અને હિંદી ના પ્રસારને વધુ વ્યાપક બનાવવા માટે વિવિધ જિલ્લા-તાલુકા વહીવટી તંત્ર સાથે સંકલન કરી વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. તેમાં તે સહુનો ઉમદા સહયોગ મળી રહ્યો છે. હિંદી પરીક્ષાઓ આગામી ૨૮-૨૯ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ યોજાશે. ગાંધી વિચારની પરીક્ષાઓ આખા વર્ષ દરમિયાન યોજાતી રહેશે.

આ રાષ્ટ્રીય કાર્યમાં આપનો સહયોગ અને સમર્થન મળતો રહ્યો છે. તેનો વિશેષ આનંદ પણ છે. આપના કાર્યક્ષેત્ર હેઠળની માધ્યમિક શાળાઓને આ પરીક્ષાઓ લેવા માટેની ભલામણ બાબતનો પરિપત્ર આપની કક્ષાએથી કરવા માટે નમ્ર વિનંતી છે. જેથી શાળાઓ અને શિક્ષકો ઉત્સાહભેર આ કાર્યમાં સહયોગી થવા તત્પરતા દર્શાવે.

માધ્યમિક શાળાના બાળકો માટે હિંદી પરીક્ષાઓનો કાર્યક્રમ નીચે મુજબનો છે.

| ક્રમ | પરીક્ષાનું નામ | ધોરણ | ફી | તારીખ | સમય |
|---|---|---|---|---|---|
| ૫ | હિંદી વિનીત | ધો- ૧૨ પાસ<br>અથવા તીસરી પાસ | ૧૦૦.૦૦ | ૨૮/૨૯-૦૭-૨૦૧૯ | ૧૧.૦૦ થી ૨.૦૦ /<br>૩.૦૦ થી ૬.૦૦ |

માધ્યમિક શાળાના બાળકો માટે ગાંધી વિચાર-પ્રચાર પરીક્ષાઓનો કાર્યક્રમ નીચે મુજબનો છે.

| ક્રમ | પરીક્ષાનું નામ | ધોરણ | ફી | તારીખ | સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ગાંધી જીવન ઝાંખી | ધો- ૬ | ૧૦.૦૦ | આ પરીક્ષાઓ આખા વર્ષ દરમિયાન એટલે કે ૨જી ઓક્ટોમ્બર ૨૦૧૯ સુધી યોજાશે | ૧૧.૦૦ થી ૧.૦૦ |
| ૨ | ગાંધી જીવન સ્મૃતિ | ધો- ૭ | ૧૫.૦૦ | | ૧૧.૦૦ થી ૧.૦૦ |
| ૩ | ગાંધી વિચાર પ્રવેશ | ધો- ૮ | ૨૦.૦૦ | | ૧૧.૦૦ થી ૧.૦૦ |
| ૪ | ગાંધી વિચાર પરિચય | ધો- ૯ અને ૧૦ | ૨૫.૦૦ | | ૧૧.૦૦ થી ૨.૦૦ |
| ૫ | ગાંધી વિચાર ચિંતન | ધો- ૧૧ અને ૧૨ | ૩૫.૦૦ | | ૧૧.૦૦ થી ૨.૦૦ |

હિંદી પરીક્ષા અંગે અરજીપત્રો ભરીને પરત મોકલવાની અંતિમ તાઃ- ૧૦-૦૮-૨૦૧૯ છે. જેની નોંધ લેવા વિનંતી. વધુ માહિતી માટે સંયોજક, ગૂજરાત હિંદી-હિંદુસ્તાની પ્રચાર સમિતિ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ- ૩૮૦૦૧૪ ફોન.નં- ૦૭૯ ૪૦૦૧૬૩૭૪ / ૩૭૫ / ૩૭૬ મોઃ- ૯૪૨૭૬ ૧૬૫૫૪ પર સંપર્ક કરવા જણાવશો.

સહકારની આશા સાથે.

આભાર સાથે.

( ડૉ. લક્ષ્મણભાઈ અવૈયા )
સંયોજક

ક્રમાંકઃયોજના/પરચ/૨૦૧૯/૨૯૦
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા. ૦૧/૦૮/૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ.ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner

150 YEARS OF CELEBRATING THE MAHATMA

# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## ગૂજરાત હિંદી-હિંદુસ્તાની પ્રચાર સમિતિ, હિંદી ભવન

## પૂ. ગાંધી બાપુની ૧૫૦મી જન્મજયંતી ઉજવણી પર્વ

પૂજ્ય બાપુની ૧૫૦મી જન્મજયંતી ઉજવણી પર્વ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન રાષ્ટ્ર અને રાજ્ય કક્ષાએ સરકાર દ્વારા થઈ રહ્યું છે. સંભવ છે કે, આપની સંસ્થા પણ ક્યાંકને ક્યાંક સહભાગી બની હશે.

વર્તમાન સમયે ગાંધી વિચારોનો વ્યાપક પ્રસાર થાય તે ખૂબજ જરૂરી છે. ઉગતી પેઢીના વિદ્યાર્થીઓ ખાસ કરીને વિદ્યાલયો અને મહાવિદ્યાલયોના યુવાનો તેનાંથી માહિતગાર થઈ, ગાંધી વિચાર અને આદર્શોને પોતાના તેમજ સાર્વજનિક જીવનમાં સાંકળે.

ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના ૧૯૨૦માં પૂ. બાપુએ કરી હતી. બાપુના આદર્શો અને વિચારોને વ્યાપક બનાવવાના પરિણામલક્ષી પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યાં છે. પ્રાથમિકથી શરૂ કરીને અનુસ્નાતક સુધીના અભ્યાસક્રમોમાં ગુજરાતના છેવાડાના વિસ્તારોના વિદ્યાર્થીઓ અભ્યાસ માટે સામેલ થાય છે. તેઓ ગાંધીજીવન શૈલીના પ્રત્યક્ષ પાઠ ભણીને પોતાનું જીવન ઘડતર કરી રહ્યા છે. ગૂજરાત વિદ્યાપીઠ ઉપરાંત આદિવાસી વિસ્તાર સહિત વિવિધ જિલ્લામાં ગ્રામસેવા અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના માધ્યમથી પણ ગાંધી જીવન શૈલી આધારિત શૈક્ષણિક અને વિસ્તરણ પ્રવૃત્તિઓ થઈ રહી છે.

પૂ. ગાંધી બાપુની પ્રેરણાથી ૧૯૪૬માં ગૂજરાત હિંદી-હિંદુસ્તાની પ્રચાર સમિતિની રચના થઈ, આ સમિતિના સહુ પ્રથમ અધ્યક્ષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ હતા. ત્યારથી શરૂ કરી આજ પર્યન્ત હિંદી અને ગાંધી વિચારને વ્યાપક બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. મોટી સંખ્યામાં શૈક્ષણિક સંસ્થાઓના માધ્યમથી વિદ્યાર્થીઓ સામેલ થાય તે માટે હિંદી અને ગાંધી વિચારની વિવિધ પરીક્ષાઓનું આયોજન વરસમાં બે વખત કરવામાં આવી રહ્યું છે. ગુજરાતના વિવિધ જિલ્લાઓની શૈક્ષણિક સંસ્થાઓના સહયોગ, સંકલન અને સમર્થનથી આ કાર્યને વધુ પરિણામલક્ષી અને વ્યાપક બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

ગાંધી વિચાર માટે ધો- ૯થી માંડીને અનુસ્નાતક કક્ષા સુધીના વિદ્યાર્થીઓ માટે સાત પરીક્ષાઓ (૧) ગાંધી જીવન ઝાંખી, (૨) ગાંધી જીવન સ્મૃતિ, (૩) ગાંધી વિચાર પ્રવેશ, (૪) ગાંધી વિચાર પરિચય, (૫) ગાંધી વિચાર ચિંતન, (૬) ગાંધી વિચાર મનન અને (૭) ગાંધી વિચાર મિમાંસા-આ પરીક્ષાઓ તારીખ ૩૦ જાન્યુઆરી અને ૨ ઓક્ટોમ્બરે આયોજિત કરવામાં આવે છે. આ વર્ષ પૂ. ગાંધી બાપુની ૧૫૦મી જન્મજયંતી ઉજવણી પર્વનું છે, તેથી વર્ષ દરમિયાન આ પરીક્ષાઓ આગોતરા આયોજનથી યોજી શકાશે. દરેક શાળા પોતાને ત્યાં પ્રચારકેન્દ્ર શરૂ કરી શાળાની અનુકૂળતાએ પરીક્ષા યોજે.

હિંદીની પણ વિવિધ છ પરીક્ષાઓ (૧) હિંદી બાલપોથી, (૨) હિંદી પહલી, (૩) હિંદી દૂસરી, (૪) હિંદી તીસરી, (૫) હિંદી વિનીત-ફેબ્રુઆરી અને સપ્ટેમ્બરમાં અને (૬) હિંદી સેવકનું આયોજન ડિસેમ્બરમાં કરવામા આવે છે.

શૈક્ષણિક સંસ્થાઓના આપણે સહુએ આ નેતૃત્વ પૂરું પાડવું પડશે. ગાંધી વિચાર અને આદર્શોથી શિક્ષિત અને દિક્ષિત કરવાની મહત્વની જવાબદારી આપણે સહુએ સાથે મળીને લેવી પડશે. ઉગતી પેઢીના સહુ યુવાનોને ગાંધી વિચાર અને આદર્શથી સંસ્કારિત કરવાની વિશેષ કાળજી આપણે સહુએ લેવી પડશે.

**ડો. રાજેન્દ્ર ખીમાણી**
માનદ નિયામક (વિસ્તરણ)
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**ડો. અનામિકભાઈ શાહ**
કુલનાયક
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

: સંપર્કસૂત્ર :
ડૉ. લક્ષ્મણભાઈ અવૈયા
સંયોજક, ગૂજરાત હિંદી-હિંદુસ્તાની પ્રચાર સમતિ,
હિંદી ભવન, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ માર્ગ, અમદાવાદ – ૩૮૦૦૧૪
સંપર્ક નં- કાર્યાલય:- ૦૭૯૪૦૦૧૬૩૭૪ / ૩૭૫ / ૩૭૬ મો:- ૯૪૨૭૬૧૬૫૫૪
Email:- hindibhavan@gujaratvidyapith.org

Scanned by CamScanner

# સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ

રાષ્ટ્રીયશાળા પ્રાંગણ–રાજકોટ ૩૬૦૦૦૨
ફોન નં. (૦૨૮૧) ૨૪૬૬૨૨૭(કાર્યાલય) મો. ૯૪૨૬૨ ૬૪૨૪૭ / ૯૪૨૮૨ ૫૧૭૩૧

તા.૨૭–૭–૨૦૧૯

પ્રતિ,
મા.શ્રી જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી
ભાવનગર

સાદર નમસ્તે;

સવિનય જણાવવાનું કે આપ સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ, રાજકોટ સંસ્થાની પ્રવૃત્તિ બાબતે જાણો છો જેથી સંસ્થાના પરિચય અંગે લખતો નથી.

સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ રાષ્ટ્રભાષા હિન્દીનાં પ્રચાર–પ્રસારનું શૈક્ષણિક કામ વર્ષોથી કરે છે. જેમાં હિંન્દી બાળપોથી લઈ હિન્દી તીસરી સુધીની પરીક્ષાઓ સૌરાષ્ટ્ર–કચ્છમાં શાળાઓ મારફત લેવાતી હોય છે જે કાર્ય શરૂ છે.

આપ જાણો છો તેમ આ વર્ષ પૂ. મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવાય રહી છે ત્યારે ભારત સરકાર તથા રાજય સરકાર ગાંધીજયંતિ–૧૫૦ નિમિત્તે અનેક કાર્યક્રમો હાથ ધરનાર હોય જેમાં આપણે પણ સહભાગી બનીએ. આપણા દેશને આઝાદી મળી ત્યારે અને આજે પણ પ્રાંતવાર રાજયવાર અલગ અલગ ભાષા બોલાઈ રહી છે. જે તે સમયે પૂ. ગાંધીજીએ જણાવેલ છે કે બધા પ્રાંતો રાજ્યોના સંગઠન માટે એક ભાષા જરૂરી છે. સમીક્ષાનાં અંતે પૂ. બાપુના મંતવ્ય મુજબ હિન્દીને રાષ્ટ્રભાષા જાહેર કરવામાં આવી. લોકોમાં રાષ્ટ્રીય ભાવના કેળવાય તે સંકલ્પ સાથે આપણી રાષ્ટ્રભાષા હિન્દી પ્રચાર–પ્રસાર અર્થે પૂ. ગાંધીજીનાં સિધ્ધાંતો મુજબ અમારી સંસ્થા કામ કરી રહી છે ત્યારે આપશ્રીને નમ્ર વિનંતી સાથ અરજ છે કે આપના જિલ્લાની બધી શાળાઓને કાર્યક્ષેત્રની બધી શૈક્ષણિક સંસ્થાઓને એક પરિપત્ર પાઠવી રાષ્ટ્રભાષા હિન્દીને સહયોગી બનવા અને વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષાઓ આપવા સ્વૈચ્છિક રીતે જોડાય તો રાષ્ટ્રની એકતામાં અમૂલ્ય ફાળો ગણાશે.

આભાર સહ

આપનો વિશ્વાસુ,

[signature]
સહમંત્રી
સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ,
(દિલીપભાઈ શુકલ)

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
ભાવનગર
આવક નં. ...
તારીખ : ૩૦/૭/૧૯
શાખા : ...

શાખા
૩૦/૭/૧૯

૨૯



Scanned by CamScanner

# સૌરાષ્ટ્ર હિંદી પ્રચાર સમિતિ

રાષ્ટ્રીયશાળા પ્રાંગણ, રાજકોટ-૩૬૦ ૦૦૨.

ફોન નં. (૦૨૮૧) ૨૪૬૬૨૨૭ (કાર્યાલય)

सौराष्ट्र हिन्दी प्रचार समिति
राष्ट्रभाषा के बीना राष्ट्र गुंगा है। गांधीजी
राजकोट (गुजरात)

## હિંદી પરીક્ષાઓનાં પાઠ્યપુસ્તકો

## (સપ્ટેમ્બર-૨૦૧૯)

પ્રકાશકો દ્વારા કેટલાંક પાઠ્યપુસ્તકોની કિંમતમાં થયેલા ફેરફારની નોંધ લેવા વિનંતી.

| પરીક્ષા | પરીક્ષા ફી + અરજીપત્ર શુલ્ક |
|---|---|
| (૧) **હિંદી બાલપોથી**<br>(પ્રશ્નપત્ર ૧ : ૧૦૦ ગુણ) | ૨૮ + ૨ = ૩૦ |

| પાઠ્યપુસ્તકો | વર્તમાન કિંમત (કિંમત ફેરફારને આધિન) |
|---|---|
| **વિદ્યાપીઠ હિંદી બાલ પાઠાવલી ભાગ-૧** | ૯-૦૦ |

કવિતા મુખપાઠ :

(૧) प्यारे बापू

(૨) गुडिया रानी ઉપરાંત

**કુલ રૂા. ૯-૦૦**

(૩) એકથી પચાસ સુધીની ગિનતી દેવનાગરી લિપિમાં શબ્દોમાં અને હિંદી અક્ષરોમાં લખતાં આવડવી જોઈએ.

Scanned by CamScanner

| પરીક્ષા | પરીક્ષા ફી + અરજીપત્ર શુલ્ક |
|---|---|
| **(૨) હિંદી પહેલી** (પ્રશ્નપત્ર ૧ : ૧૦૦ ગુણ) | ૩૩ + ૨ = ૩૫ |

| પાઠ્યપુસ્તકો | વર્તમાન કિંમત (કિંમત ફેરફારને આધિન) |
|---|---|
| (૧) વિદ્યાપીઠ હિંદી બાલ પાઠાવલી ભાગ-૨ | ૧૭-૦૦ |
| (૨) વિદ્યાપીઠ હિંદી બાલ કહાનિયાં | ૦૯-૦૦ |
| (૩) વિદ્યાપીઠ હિંદી વ્યાકરણ ભાગ-૧ | ૧૪-૦૦ |
| | કુલ રૂા. ૪૦-૦૦ |

કવિતા મુખપાઠ :

(१) भारत प्यारा देश हमारा

(२) चूहेकी दिल्ली यात्रा

(३) तितली

| પરીક્ષા | પરીક્ષા ફી + અરજીપત્ર શુલ્ક |
|---|---|
| **(૩) હિંદી દૂસરી** (પ્રશ્નપત્ર ૧ : ૧૦૦ ગુણ) | ૩૮ + ૨ = ૪૦ |

| પાઠ્યપુસ્તકો | વર્તમાન કિંમત (કિંમત ફેરફારને આધિન) |
|---|---|
| (૧) વિદ્યાપીઠ હિંદી પાઠાવલી ભાગ-૧ | ૨૦-૦૦ |
| (૨) વિદ્યાપીઠ હિંદી કહાની સંગ્રહ ભાગ-૧ | ૧૦-૦૦ |
| (૩) બાલ એકાંકી | ૦૭-૦૦ |
| (૪) વિદ્યાપીઠ હિંદી વ્યાકરણ ભાગ-૧ | ૧૪-૦૦ |
| કવિતા મુખપાઠ : | કુલ રૂા. ૫૧-૦૦ |

(१) तब याद तुम्हारी आती है

(२) प्रभूजी, तुम चन्दन हम पानी

(३) हार नहीं होती

| પરીક્ષા | પરીક્ષા ફી + અરજીપત્ર શુલ્ક |
|---|---|
| **૪) હિંદી તીસરી** | ૧૦૦ + ૨ = ૧૦૨ |

| પાઠ્યપુસ્તકો | વર્તમાન કિંમત (કિંમત ફેરફારને આધિન) |
|---|---|
| **પ્ર. પ. ૧** (પ્રશ્નપત્ર ૧ : ૧૦૦ ગુણ) | |
| (૧) હિંદી પાઠાવલી ચોથી કિતાબ-ગદ્ય-વિભાગ | ૩૨-૦૦ |
| (૨) સંક્ષિપ્ત આત્મકથા (ગાંધીજી) | ૪૦-૦૦ |
| **પ્ર. પ. ૨** (પ્રશ્નપત્ર ૨ : ૧૦૦ ગુણ) | |
| (૧) હિંદી પાઠાવલી ચોથી કિતાબ (પદ્ય-વિભાગ) (ઉપર પ્રશ્નપત્ર-૧ માં છે તે પુસ્તક.) | |
| (૨) હિંદી એકાંકી સંગ્રહ ભાગ-૧ | ૧૦-૦૦ |
| **પ્ર. પ. ૩** (પ્રશ્નપત્ર ૩ : ૧૦૦ ગુણ) | |
| (૧) હિંદી વ્યાકરણ પ્રવેશ | ૧૨-૦૦ |
| (૨) હિંદી રચના ઔર નિબંધ ભાગ-૧ | ૧૪-૦૦ |
| (૩) ભૂલ સુધાર | ૧૧-૦૦ |
| (મૌખિક : ૫૦ ગુણ) | કુલ રૂા. ૧૧૯-૦૦ |

મૌખિક :

ગદ્ય-પદ્ય મુખપાઠ-પાઠયપુસ્તકોમાંથી પચાસ કાવ્યપંક્તિઓ તથા ગદ્યની દસ પંક્તિઓ મુખપાઠ કરવી.

| પરીક્ષા | પરીક્ષા ફી + અરજીપત્ર શુલ્ક |
|---|---|
| **(૫) હિંદી વિનીત** | ૧૦૦ + ૨ = ૧૦૨ |

| પાઠ્યપુસ્તકો | વર્તમાન કિંમત (કિંમત ફેરફારને આધિન) |
|---|---|
| **પ્ર. પ. ૧** (પ્રશ્નપત્ર ૧ : ૧૦૦ ગુણ) | |
| (૧) હિંદી ગદ્ય-પદ્ય સંગ્રહ પાંચવી કિતાબ (ગદ્ય-વિભાગ) | ૪૦-૦૦ |
| (૨) ગંગામૈયા (ઉપન્યાસ)-ભૈરવાપ્રસાદ મિશ્ર | ૫૦-૦૦ |
| (૩) હિંદી કહાની સંગ્રહ ભાગ-૪ | ૨૩-૦૦ |
| **પ્ર. પ. ૨** (પ્રશ્નપત્ર ૨ : ૧૦૦ ગુણ) | |
| (૧) હિંદી ગદ્ય-પદ્ય સંગ્રહ - પાંચવી કિતાબ (પદ્ય-વિભાગ) (ઉપર પ્રશ્નપત્ર-૧ માં છે તે પુસ્તક.) | |
| (૨) શબરી - નરેશ મહેતા | ૨૫-૦૦ |
| **પ્ર. પ. ૩** (પ્રશ્નપત્ર ૩ : ૧૦૦ ગુણ) | |
| (૧) હિંદી એકાંકી સંગ્રહ ભાગ-૨ | ૧૯-૦૦ |
| (૨) કુહાસા ઔર કિરણ - વિષ્ણુ પ્રભાકર | ૩૦-૦૦ |
| **પ્ર. પ. ૪** (પ્રશ્નપત્ર ૪ : ૧૦૦ ગુણ) | |
| (૧) વિદ્યાપીઠ હિંદી વ્યાકરણ ભાગ-૨ | ૧૯-૦૦ |
| (૨) હિંદી રચના ઔર નિબંધ ભાગ-૨ | ૨૦-૦૦ |
| (૩) ભૂલ સુધાર | ૧૧-૦૦ |
| (મૌખિક : ૫૦ ગુણ) | કુલ રૂા. ૨૩૭-૦૦ |

મૌખિક :ગદ્ય-પદ્ય મુખપાઠ - પાઠયપુસ્તકોમાંથી પચાસ કાવ્ય પંક્તિઓ તથા ગદ્યની દસ પંક્તિઓ મુખપાઠ કરવી.

Scanned by CamScanner

**નોંધ :**

(૧) હિંદી પરીક્ષાના પાઠયપુસ્તકો સામાન્ય રીતે ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪ અને નવજીવન પ્રકાશન મંદિર, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ-૩૮૦ ૦૧૪ પાસેથી મળે છે. પરંતુ વિદ્યાર્થીઓ અને કેન્દ્રોની સુવિધા માટે તે સંસ્થાઓ સાથે વ્યવસ્થા ગોઠવીને આ પાઠયપુસ્તકો અહીં કાર્યાલયમાંથી પણ મળે તેમ ગોઠવ્યું છે. પરંતુ આ માટે પાઠયપુસ્તકો મંગાવનારે તેની પૂરી કિંમત અગાઉથી ડી.ડી. દ્વારા અથવા રોકડેથી અહીં મોકલવાની રહેશે. કોઈપણ સંજોગોમાં પૈસા બાકી રાખીને કોઈને પુસ્તકો મોકલાશે નહીં. એવી જ રીતે ચેકથી પણ રકમ સ્વીકારી શકાશે નહીં.

(૨) પુસ્તકો ખરીદાયા પછી વધેલા પુસ્તકો કોઈ પણ સંજોગોમાં પાછા લેવાશે નહીં.

(૩) પુસ્તક ઉપર છાપેલ કિંમતને ખરી કિંમત ગણવી. જે પુસ્તકનો સ્ટોક ખલાસ થાય અને તે ફરી છપાય ત્યારે પ્રકાશક તરફથી જો કિંમતમાં ફેરફાર થાય તો તે પ્રમાણેની કિંમત ગણાશે.

(૪) જે કેન્દ્ર દ્વારા પુસ્તકો રૂબરૂ લઈ જવા કે મંગાવવામાં આવશે તેમને તેના કુલ બીલના ૭.૫૦% વળતર આપવામાં આવશે. ટપાલથી, આંગળીયા મારફત કે કુરિયર અગર ટ્રાન્સપોર્ટ દ્વારા પુસ્તકો મોકલાશે તેમને આ વળતર નહીં મળે પરંતુ તેમની પાસેથી પેકીંગ કે મોકલવાનો ચાર્જ વસુલ કરવામાં નહીં આવે.

(૫) પુસ્તકો ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪ તથા નવજીવન પ્રકાશન મંદિર, નવજીવન ટ્રસ્ટ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૪માંથી પણ મળી શકશે. ગુજરાત વિદ્યાપીઠનો ફોન નં. (૦૭૯) ૪૦૦૧૬૩૭૪ અને નવજીવન પ્રકાશન મંદિરનો ફોન નં. (૦૭૯) ૨૭૫૪૦૬૩૫ / ૨૭૫૪૨૬૩૪ છે.

(૬) આ વખતે કેટલાંક પાઠ્યપુસ્તકોની કિંમતમાં પણ પ્રકાશકો તરફથી ફેરફાર થયા છે એટલે પાઠ્યપુસ્તકોની ખરી કિંમત જાણીને તે હિસાબે વિદ્યાર્થીઓ પાસેથી રકમ લેવી. નવી કિંમત સાથેની આ યાદી પરીક્ષા તારીખના પરિપત્ર સાથે આપને મોકલાવેલ છે. આપણી પાસે જૂની કિંમતનાં પાઠ્યપુસ્તકો સ્ટોકમાં હશે ત્યાં સુધી જૂની કિંમતે તે પુસ્તકો મળશે. ત્યાર પછી નવી કિંમત પ્રમાણે બીલ બનાવાશે અને તે પ્રમાણે રકમ વસૂલ થશે.

**પાઠ્યપુસ્તકોની કિંમત તા. ૦૧-૦૬-૨૦૧૯ની તારીખ પ્રમાણે છે. એ પછી પ્રકાશકો કિંમતમાં ફેરફાર કરે તો તેવા ફેરફાર પ્રમાણે જે તે પુસ્તકની કિંમત ગણાશે.**

રાજકોટ
તા. ૧૫-૦૬-૨૦૧૯

પરીક્ષા મંત્રી
સૌરાષ્ટ્ર હિંદી પ્રચાર સમિતિ

શ્રીજી/૧૦૦૦/૦૩/૧૯

Scanned by CamScanner

# સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ

રાષ્ટ્રીયશાળા પ્રાંગણ
રાજકોટ - ૩૬૦ ૦૦૨.

**પરીક્ષા તા. ૨૮ અને ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૯**


## સંપર્ક

કાર્યાલય : (૦૨૮૧) ૨૪૬૬૨૨૭
કાર્યાલય મંત્રી : ૯૪૨૮૨ ૫૧૭૩૧
ઈ-મેઈલ : shps1939@gmail.com


(આ પરિપત્ર કાળજીપૂર્વક વાંચશો અને સાચવી રાખશો.)

(અગત્યની સૂચના : પત્ર વ્યવહાર ટૂંકો, મુદ્દાસર અને પૂરા સરનામા સાથે કરવા વિનંતી.)

Scanned by CamScanner

**કેન્દ્ર વ્યવસ્થાપકશ્રી, પ્રચારકભાઈશ્રી / બહેનશ્રી, આચાર્યશ્રી તથા હિન્દી પ્રેમી ભાઈ-બહેનો**

નવા શૈક્ષણિક વર્ષનો આ પ્રથમ પરિપત્ર મોકલતાં આનંદ થાય છે. આ નવું શૈક્ષણિક વર્ષ આપ સૌને સુખ, સંપતિ અને આનંદપ્રદ નીવડે એવી અભ્યર્થના. નવું વર્ષ આપણા હિન્દી પ્રચારના કામમાં પણ વધુ જાગૃતિ, પ્રમાણિકતા અને નિષ્ઠા લાવે એવી પ્રાર્થના. નવા વર્ષમાં અગાઉના જે કેન્દ્રો બંધ છે તે ફરી શરૂ થાય અને જૂના તથા નવા કેન્દ્રોમાં વધારેમાં વધારે સંખ્યામાં વિદ્યાર્થીઓ આ પરીક્ષાઓમાં બેસે એ માટે સહિયારો પુરુષાર્થ કરવા સૌને હાર્દિક અનુરોધ સાથે આગ્રહભરી વિનતી છે.

(૧) **આગામી પરીક્ષાઓની તારીખ નીચે મુજબ રહેશે :**

(૧) **હિન્દી બાળપોથીથી વિનીત સુધીની પરીક્ષાઓ શનિવાર તા. ૨૮મી સપ્ટેમ્બર તથા રવિવાર તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ રહેશે.**

(૨) આવેદનપત્રો ભરવાની **છેલ્લી તા ૧૦મી ઓગસ્ટ, ૨૦૧૯, શનિવાર છે.** (૧૦-૦૮-૨૦૧૯)

(૩) કેન્દ્ર વ્યવસ્થાપકશ્રીએ આવેનદપત્રો ફીની રકમ સાથે **'સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ'**ના નામના બેન્ક ડ્રાફટથી કાર્યાલયમાં **બુધવાર ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૯** સુધીમાં પહોંચતા કરવા. ત્યારબાદ આવેદનપત્રો સ્વીકારવામાં આવશે નહીં. આવેદનપત્રો કક્કાવારી પ્રમાણે ગોઠવી સ્થાનિક કેન્દ્રનો ક્રમ નંબર (પરીક્ષાવાર) આપી પરીક્ષાવાર ગોઠવીને મોકલવા વિનંતી.

(૪) **કાર્યાલયમાં બુધવાર તા. ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૯ પછી આવેલાં આવેદનપત્રો વહીવટી મુશ્કેલીને કારણે કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.**

(૨) **પરીક્ષા ફીનું ધોરણ : આપણી પરીક્ષા ફીનું માળખું નીચે પ્રમાણે રાખેલ છે, એટલે તે પ્રમાણે ફીનું ધોરણ રાખવું.**

| પરીક્ષાનું નામ | બાળપોથી | પહલી | દૂસરી | તીસરી |
|---|---|---|---|---|
| પરીક્ષા ફી | ૨૮-૦૦ | ૩૩-૦૦ | ૩૮-૦૦ | ૧૦૦-૦૦ |
| આવેદનપત્ર શુલ્ક | ૨-૦૦ | ૨-૦૦ | ૨-૦૦ | ૨-૦૦ |
| કુલ ફી | ૩૦-૦૦ | ૩૫-૦૦ | ૪૦-૦૦ | ૧૦૨-૦૦ |

| વિનીત | સેવક-૧ | સેવક-૨ | અખંડ | ગુજરાત વિદ્યાપીઠની |
|---|---|---|---|---|
| ૧૦૦-૦૦ | ૧૫૦-૦૦ | ૧૭૫-૦૦ | ૩૦૦-૦૦ | સૂચના પ્રમાણે |

(૩) **આવેદનપત્રો અંગે :**

(૧) આવેદનપત્રો સ્વચ્છ, સુંદર અને સુવાચ્ય અક્ષરે પુરેપુરા ભરવા. અધુરાં આવેદનપત્રો ન મોકલવા વિનંતી છે.

(૨) આવેદનપત્રમાં પૂરું નામ લખવું. તોછડું કે ટૂંકાક્ષરી અગર બીજું કોઈ નામ ન લખવું. આવેદનપત્રમાં ઉપર અને મંજૂરીપત્રમાં એક જ નામ લખવું.

(૩) **આવેદનપત્રમાં જે રીતે નામ લખેલ હશે તે નામ પ્રમાણે જ પ્રમાણપત્ર લખાશે. આવેદનપત્રમાં લખાયેલ નામના બેઠકક્રમાંક અપાયા પછી તથા પરીક્ષા પછી કોઈ જ ફેરફાર થઈ શકશે નહીં જેની સૌએ ખાસ નોંધ લેવી.**

(૪) **પ્રમાણપત્ર વિતરણ સમારંભ :**
પ્રમાણપત્રો સમારંભ કરીને અપાય તેવું ગોઠવાય તે ઈચ્છનીય છે. અગાઉથી જાણ કરશો અને શકય હશે તો અમે પણ તે પ્રસંગે ઉપસ્થિત રહેવા પ્રયત્ન કરીશું. સપ્ટેમ્બર-૨૦૧૮ અને ફેબ્રુઆરી-૨૦૧૯ના પ્રમાણપત્રો બધા કેન્દ્રોને મોકલાઈ ગયાં છે જે મળી ગયાં હશે.

(૫) **વિનીત - સેવક પરીક્ષાઓ અંગે :**
ગુ.હિ.પ્ર.સ. અમદાવાદ દ્વારા લેવાતી હિન્દી વિનીત, સેવક તથા અન્ય તમામ પરીક્ષાઓ માટેનાં અરજી પત્રો, ફી વગેરે અંગેનો તમામ વ્યવહાર **સંયોજકશ્રી, ગુ.હિ.પ્ર.સ. હિંદી ભવન, ગુજરાત વિદ્યાપીઠ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૪** સાથે કરવા વિનંતી. તેમનો ટેલિફોન નંબર ૦૭૯-૪૦૦૧૬૩૭૪ છે.

(૬) **કેન્દ્ર સહાય અંગે :**
આવેદનપત્ર શુલ્ક વગરની **માત્ર કુલ ફીના ૨૦ ટકા તથા** પરીક્ષાર્થી દીઠ **આવેદનપત્ર શુલ્કમાંથી રૂા. ૧-૦૦ મુજબ થતી રકમ** કેન્દ્ર સહાય તરીકે આપવામાં આવશે. ફીની બાકીની ૮૦ ટકા રકમ તથા આવેદનપત્ર દીઠ રૂા. ૧-૦૦ લેખે થતી રકમ આવેદનપત્રો સાથે જ **'સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ'**ના નામના બેન્ક ડ્રાફટથી કાર્યાલયને મોકલવા વિનંતી, ફીની **રકમ ચેક, રોકડેથી કે મનીઓર્ડર દ્વારા સ્વીકારવામાં આવશે નહીં. માત્ર ડ્રાફટથી મોકલવા.**

(૭) **કેન્દ્ર ખર્ચ અંગે :**
કેન્દ્રને ઉપર મુજબની જે કેન્દ્ર સહાય મળે તેમાંથી કેન્દ્ર દ્વારા આવેદનપત્ર મોકલવાનું, વર્ગવ્યવસ્થા, પરીક્ષાવ્યવસ્થા, નિરીક્ષણ, મૌખિક પરીક્ષક પુરસ્કાર, પાણી, દોરા, ટપાલ ખર્ચ, પરીક્ષા પછીનું ઉ ારવહીઓ વગેરે સાહિત્ય મોકલવાનું અને અન્ય જે ખર્ચ થાય તે કેન્દ્રે કરવાનું રહેશે. આ પરીક્ષા લેવા અંગેનું પરીક્ષા સાહિત્ય કાર્યાલય તરફથી પહોંચાડાશે. કેન્દ્રે પોતાના ખર્ચનો હિસાબ રાખવો હિતાવહ છે.

(૮) **મૌખિક પરીક્ષા અંગે :**

(૧) તીસરીની મૌખિક પરીક્ષા કેન્દ્રે નિયમાનુસાર લેવાની રહેશે અને તેની તારીખની જાણ અત્રે કરવી.

(૨) મૌખિક પરીક્ષક વિનીત, સેવક, હિન્દી સાથે બી.એ., એમ.એ., બી.એડ્. પાસ કરેલા અનુભવી અને આપણા પ્રચારકોમાંથી હોય તે જરૂરી છે. મૌખિક પરીક્ષકનું નામ, શૈક્ષણિક લાયકાત વગેરે અગાઉથી અહીં કાર્યાલયને જણાવવા વિનંતી છે.

(૯) **પરીક્ષાની પ્રમાણિકતા અંગે :**
**આપણી પરીક્ષાઓ સ્વૈચ્છિક અને પ્રચાર પરીક્ષા છે. આપણી પરીક્ષાઓની પ્રમાણિકતા અને અવૈતનિકતાનો ભવ્ય ભૂતકાળ છે, તેનું જતન કરીએ અને આપણી પરીક્ષાઓમાં ચોરી, અપ્રમાણિક્તા ન પ્રવેશે તે અંગે જાગૃત રહીએ. આ અંગેની સવિશેષ જવાબદારી કેન્દ્ર વ્યવસ્થાપકની છે. આપણા સૌનું ગૌરવ વધે એવું પરીક્ષાનું સંચાલન થાય તે રીતે સૌ કાર્ય કરીએ તે ખાસ જરૂરી છે.**

Scanned by CamScanner

**(૧૦) અગત્યની સૂચનાઓ :**

(૧) આ વર્ષે સૌથી વધારેમાં વધારે સંખ્યામાં વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપે તેવા પ્રયત્નો કરવાં વિનંતી.

(૨) અરજીપત્રો મોકલવાની છેલ્લી તારીખે અથવા તે પહેલાં બધા જ અરજીપત્રો એકી સાથે અવશ્ય સમયસર મોકલી આપવા વિનંતી; ત્યારબાદ આવેલ અરજીપત્રો વહીવટી મુશ્કેલીને કારણે સ્વીકારવામાં આવશે નહીં.

(૩) દરેક અરજીપત્ર પર કેન્દ્રનો ક્રમ નંબર અવશ્ય લખવો તથા વિદ્યાર્થીના નામનું વિવરણ (યાદી) અવશ્ય ભરી મોકલવું.

(૪) વિવરણ સુવાચ્ય અક્ષરોમાં ભરીને અવશ્ય સાથે મોકલવું.વિવરણ અને અરજીપત્રમાં એક સરખાં નામ લખવાં.

(૫) અરજીપત્રો સુવાચ્ય અક્ષરોએ ભરાવવા જેથી રજીસ્ટર તથા સર્ટિફિકેટ લખવામાં મુશ્કેલી ન પડે. **અરજીપત્રોમાં બધી વિગત પુરેપુરી ભરવી.** અધૂરી વિગતવાળા અરજીપત્રો અસ્વીકાર્ય બનશે અને તેની ફી પરત નહીં મળે.

(૬) પરીક્ષા વખતે દરેક નિરીક્ષકોને જણાવવું કે તેઓ પરીક્ષાર્થીઓનાં નામ તથા નંબરો ચેક કરીને સહી કરે જેથી ખોટા નંબરો લખવાને કારણે પરિણામમાં જે તકલીફ ઊભી થાય છે તે નિવારી શકાય.

(૭) પરીક્ષાઓ પૂરી થયા બાદ બીજે દિવસે લખેલી ઉત્તરવહીઓ કાર્યાલયને મોકલી આપવા વિનંતી.

**(૮) અરજીપત્રોમાં જે નામ લખ્યાં હશે તે જ નામ પાસ થનાર વિદ્યાર્થીના પ્રમાણપત્રમાં લખાશે. પ્રમાણપત્રમાં અન્ય કોઈ નામફેર કરવામાં આવશે નહીં. અરજીપત્રમાં વિદ્યાર્થીનું પૂરું નામ, પિતાનું નામ અને અટક સ્વચ્છ અક્ષરે લખવા.**

**(૯) અંકોની ફરી ગણતરી માટે પરીક્ષાનું પરિણામ બહાર પડયા પછી એક મહીના સુધીમાં અરજી કરવાની રહેશે. ફરી ગણતરીની ફી બાળપોથી, પહલી, દૂસરીમાં રૂા. ૨૫/- રહેશે જ્યારે તીસરીમાં દરેક પ્રશ્નપત્ર દીઠ ૨૫/- રહેશે.**

**(૧૦) અરજીપત્રોમાં સૌથી ઉપર તથા સૌથી નીચે આપના કેન્દ્ર/શાળાનો રબ્બર સ્ટેમ્પ અવશ્ય મારવો.**

(૧૧) અરજી પત્રક ઉપર અને નીચે એમ બન્ને જગ્યાએ પૂરેપૂરા ભરાવવા. **નીચેનો ભાગ પણ સ્પષ્ટ અક્ષરોમાં અવશ્ય ભરવો.**

(૧૨) અરજીપત્રોની સાથે જ ફીની રકમનો ડ્રાફટ **''સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ''**ના નામનો મોકલવા વિનંતી. સૌ.હિ.પ્ર. સમિતિનું બેન્ક ખાતું બેન્ક ઓફ ઈન્ડિયા - માલવિયા રોડ શાખા, રાજકોટમાં છે અને તેનો **ખાતાં નંબર ૩૧૦૨૧૦૧૦૦૦૦૦૦૮૩** છે. આપ ફીની રકમ આપના ગામમાં બેન્ક ઓફ ઈન્ડિયાની શાખા હોય, તો ઉપરના ખાતા નંબરમાં સીધી ભરી શકશો. ફી સીધી ભરો તો સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ, રાજકોટના ખાતામાં ભરવી. ખાતાં નંબર ઉપર આપ્યો છે તે કાળજીપૂર્વક લખવો. **ફી ભર્યા બાદ તે બેન્કની મૂળ સ્લિપ કાર્યાલયને હિસાબની સરળતા ખાતર અચૂક મોકલવા વિનંતી.**

**(૧૩) અગત્યની સૂચના : તીસરીના અરજીપત્રમાં દૂસરી / પ્રવેશ / એસ.એસ.સી. / પાસની વિગતો, વર્ષ, મહિનો તથા બેઠકક્રમાંક સહિત અવશ્ય પૂરેપૂરી ભરવી તથા આધાર રૂપે જે તે પ્રમાણપત્રની ખરી નકલ અવશ્ય સાથે મોકલવી. આ વિગતો અધુરી હોય અથવા પ્રમાણપત્રની નકલ ન હોય તેવા તીસરીના અરજીપત્રો આપોઆપ રદ થશે અને ફી પરત નહીં મળે. આ સૂચનાનો કડક તથા ચોક્કસપણે અમલ કરવો.**

રાજકોટ

તા. ૧૫-૦૬-૨૦૧૯

પરીક્ષામંત્રી

સૌ.હિં.પ્ર. સમિતિ

શ્રીજી-૧૦૦૦

Scanned by CamScanner